# ABSTRACT

| | |
|---|---|
| વિદ્યાર્થીનું નામ - | ચૌહાણ અજયકુમાર બાબુજી |
| કોર્સનું નામ - | Ph.d (Gujarati) |
| વર્ષ - | 2020-21 |
| શીર્ષક - | ગુજરાત અને રાજસ્થાનનાં હાલરડાં : એક તુલનાત્મક અભ્યાસ |
| માર્ગદર્શકનું નામ - | ડૉ. પ્રશાંત પટેલ |


ભારતીય સાહિત્ય પરંપરામાં લોકગીત એ જીવનરીતિ, પરંપરા, ઉત્સવ-તહેવારો, વિધિવિધાન વગેરેને અભિવ્યક્તિ કરતું લોકબોલીમાં ઝીલાયેલું સાહજિક ગીત છે. લોકસાહિત્યના વિદ્વાનોએ વિવિધ પ્રકારોમાં વિભાજિત કરેલ છે. લોકગીત સામાન્યરીતે સમૂહમાં ગવાય છે પરંતુ લોકગીતનો એવો પ્રકાર જે સમૂહમાં ગવાતો નથી તે હાલરડું છે. પ્રથમ દૃષ્ટિએ હાલરડાં બાળકને સૂવાળાવવા માટે ખોળામાં હિલોળતા કે પારણામાં ઝૂલાવતાં ગવાતું ગીત છે. પરંતુ શોધકાર્ય દરમિયાન પાશ્ચાત્ય અને પૌવાર્ત્ય હાલરડાંનાં ઉદાહરણોથી જાણવા મળ્યું કે તે માત્ર ગીત નથી. હાલરડું બાળકને શાંતિ, હૂંફ અને સુરક્ષાનો ભાવ પ્રદાન કરી તેના ભાવવિશ્વને કંડારતું લયબદ્ધ ગીત છે. ગુજરાત અને રાજસ્થાન બન્ને એક સરહદ ધરાવતા ભિન્ન ભાષા અને સંસ્કૃતિ ધરાવતા પ્રદેશ છે. પ્રદેશ ભિન્નતાની સાથે હાલરડાંની સૃષ્ટિ અમુક અંશે બદલાતી રહી છે પરંતુ માતૃત્વની હલક તો સમાન જ રહી છે.

હાલરડું એ બાળકને સૂવાળવા માટે ગવાતું ભાવવાહી-લયબદ્ધ ગીત છે. પારણામાં ઝુલાવતાં કે ખોળામાં હિલોળતા હાલા ગાનારનાં મુખમાંથી નીકળતાં લયબદ્ધ ધ્વનિઓ બાળકનાં ચિત્તને સંમોહિત કરી, સુરક્ષા અને શાંતિ પ્રદાન કરી નીંદર પ્રેરે છે. ઘણાં હાલરડાંમાં 'હાલા.. લાલ...'નો પ્રત્યક્ષ ઉદ્ગાર નથી હોતો.ક છતાંય તેમાં સૂવાળવાનો આશય તો હોય છે. તેથી આપણે ત્યાં શુદ્ધ-અશુદ્ધ હાલરડાં જેવાં રૂપકો પણ વપરાયા છે. પરંતુ કંઠસ્થ પરંપરાના એક પ્રકાર હાલરડાંને આવું નામાભિધાન આપવાથી બચવું જોઈએ. કારણ હાલરડાંમાં શબ્દનો ગૂઢ અર્થ અને તેનો પરિવેશ એ અનિવાર્ય નથી પણ પોષક જરૂર નીવળે છે. વાત્સલ્ય ભાવે ગવાયેલ સરળ અને સહજ શબ્દોની લયબદ્ધ ગોઠવણી એ હાલરડું બને છે. એ અર્થમાં પારણા ગીત પણ એક પ્રકારનું હાલરડું જ છે. બાળકના સ્વાસ્થ્ય માટે જેટલું પયપાન જરૂરી છે તેટલું હલરડાનું લયપાન પણ જરૂરી છે. ગુજરાત અને રાજસ્થાન એમ બે રાજ્યના હાલરડાંનો તુલનાત્મક અભ્યાસ સંદર્ભે રાજસ્થાન બૃહદ ભૂમિ વિસ્તારની સાથે નવ મુખ્ય બોલી ધરાવતું રાજ્ય છે. જેથી વિષય વ્યાપને ધ્યાનમાં રાખી તે પૈકી પ્રમુખ ચાર પ્રદેશના મારવાડી, મેવાડી, હાડોતી અને ઢુંઢાડી હાલરડાં તથા સમગ્ર ગુજરાતને આવરી લેતાં પાંચ પ્રદેશોના ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના હાલરડાં કે જે સંપાદિત તેમજ ક્ષેત્રીય તપાસમાં મળેલ પસંદગીકૃત લોક હાલરડાંનો અભ્યાસ કરેલ છે. હાલરડાંથી હાલા ગાનાર અને બાળક વચ્ચે ભાવનાત્મક સંબંધ સ્થાપિત થાય છે. બાળકને સૂવા માટેની ખાતરી તથા સુરક્ષા અને વિશ્વાસની ભાવના પ્રબળ બને છે જે તેના તંદુરસ્ત સ્વાસ્થ્ય અને મન ભાવનાત્મક વિકાસ માટે જરૂરી છે.